**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૯ ટકા

# ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ









ગાંધીનગર, તા.૩

ભારત વિકાસ પરિષદ ગાંધીનગર દ્વારા આજરોજ સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ નાથીબા કોલેજ ખાતે સવારે ૯.૩૦ કલાકે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ શાળાના ૧૮ ટીમોના અંદાજીત ૨૦૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો છે. હીન્દી અને સંસ્કૃત વિભાગમાં સ્પર્ધા યોજાઈ હતી. તેમાં પણ પ્રાથમિક અને માધ્યમિક વિભાગ પાડવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા. જયારે સદવિચાર પરિવાર વિકલાંગ પુનઃવસન કેન્દ્ર ઉવારસદના બાળકોએ દેશભકિતનું દેશ હમે દેતા હે સબકુછ ગીત સુંદર રીતે પ્રસ્તુત કરતા હોલમાં અનોખો દેશભકિતનો માહોલ સર્જાયો હતો આ પ્રસંગે હાજર સૌ કોઈએ તાળીઓથી બાળકોને વધાવી લીધા હતા.

ભારત વિકાસ પરિષદ સંપૂર્ણ ભારતમાં સમાજ સેવા અને ભારતીય સંસ્કૃતિના ઉત્થાન સાથે જોડાયેલ છે. આ કાર્યક્રમનો અનુલક્ષી વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ યુવાનોમાં દેશભકિતની ભાવના જાગૃત થાય તે માટે રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્યારે ગાંધીનગરમાં સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ખીમજી વિસરામ હોલ ખાતે આયોજીત રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં લે. કર્નલ.સી.બી.નંદકુમાર, સેકન્ડ ઈન કમાન્ડ૩-૧જીઆર, મેજર કલ્પેશ પંચાલ તેમજ ભારત વિકાસ પરિષદના પ્રમુખ ચંદ્રકાંત રાવલે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. ત્યારબાદ કાર્યક્રમની શરુઆતના તબક્કે પ્રાથમિક વિભાગમાં બાળકોએ ભારત વન્દે માતરમ.. રાષ્ટ્રકી ચેતના.. કાંન્તિકી મશાલ.. અરુણ ગગન પર..ગીત રજુ કર્યા હતા. દરેક ટીમને ઉપનામ આપવામાં આવ્યા હતા. જેમાં ભગવાન શ્રીરામ, શ્રીરામ આચાર્ય, પાંડુરંગ શાસ્ત્રી, સંત કબીર, દયાંનદ સરસ્વતી, સંત રવિદાસ, સંત જ્ઞાનેશ્વર, સંત તુકારામ, નરસિંહ મહેતા, મહાત્મા ગાંધીજી, બાબા સાહેબ આંબેડકર, લોકમાન્ય તિલક, વિનોબા ભાવે, લાલા લજપતરાય, રવિશંકર મહારાજ, પૂર્ણિમા પકવાસા, જયોતિરાવ ફુલે, બાળાસાહેબ દેવરસનો સમાવેશ થાય છે. જયારે સંસ્કૃત વિભાગમાં ભારત ભરતીમ નમામો વયમ.. દેવી દેહિનો બલમ..તેમજ જય જય હે ભગવાતી સુર ભારતી.. જયતુ જનની..ગીત બાળકોએ રજુ કર્યા હતા. બાળકોના કંઠે સુંદર દેશભકિત ગીતો સાંભળીને હોલમાં હાજર સૌ કોઈએ તાળીઓથી વધાવી લીધા હતા. આ પ્રસંગે ખાસ વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર ઉપસ્થિત રહીને બાળકોને પ્રેરણાદાયી વકતવ્ય પુરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે ગાયત્રીબેન બગ્ગા અને ધ્રુવાબેન જેટલી એ સેવા આપી હતી. કાર્યક્રમના સંયોજક તરીકે નરેન્દ્રભાઈ પટેલ, સહસંયોજક તરીકે મુકેશ પટેલ સહિત પ્રાંતમાંથી ભાઈલાલભાઈ ડુંગરાણી અને પ્રકાશભાઈ કસવાલા હાજર રહ્યા હતા.

**રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધામાં વિજેતા શાળાઓના નામ**

**વિભાગ - અ ( પ્રાથમિક વિભાગ)**
૧. બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કુલ ગાંધીનગર,
૨. એસ.એસ.વી. સ્કુલ સે-૩ ગાંધીનગર,
૩. બ્રાઈટ વિકટરી સ્કુલ ગાંધીનગર,

●●●●●

**વિભાગ- બ ( માધ્યમિક )**
૧. શ્રી એમ.વી. પટેલ સેકન્ડરી સ્કુલ સે-૨૩, ગાંધીનગર
૨. બ્રાઈટ હાઈસ્કુલ વલાદ, ગાંધીનગર
૩. એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યાલય ઉવારસદ

●●●●●

**સંસ્કૃત વિભાગ**
૧. એમ.વી. પટેલ સેકન્ડરી સ્કુલ સે-૨૩ ગાંધીનગર
૨. બ્રાઈટ ઈન્ટરનેશનલ સ્કુલ ગાંધીનગર
૩. બ્રાઈટ હાઈસ્કુલ વલાદ ગાંધીનગર

# અડાલજ પાર્શ્વનાથ હોમ્સમાં તસ્કરોનો તરખાટ

**બે બંગલાનાં દરવાજાની ફ્રેમ તોડી અંદર ઘુસેલા તસ્કરો પોણા બે લાખની મત્તા સાફ કરી ગયા**
**એક બંગલામાં તો દંપતિ ઉપરનાં બેડ રૂમમાં સુતુ હતુ તો પણ તસ્કરોએ હિંમત કરી...!!**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા અડાલજ ખાતે સ્થિત પાર્શ્વનાથ હોમ્સમાં ગત રાત્રી દરમ્યાન તસ્કર ટોળકીએ તરખાટ મચાવી નાંખ્યો હતો. બબ્બે બંગલાને નિશાન બનાવી તસ્કરો નાઈટ પેટ્રોલીંગ કરતી પોલીસનું નાક વાઢીને રફુચક્કર થઈ ગયા હતા. તસ્કરોની હિંમતને પણ દાદ દેવી પડે..! કેમ કે એક બંગલામાં તો ઉપરનાં રૂમમાં દંપતિ સુતુ હતુ તેમ છતા હિંમત દાખવીને દરવાજાની ફ્રેમ તોડીને અંદર ઘુસ્યા અને સોનાનાં દાગીના તથા રોકડ મળી તે બંગલામાંથી કુલ રૂ. ૧.૭૧ લાખની મત્તા ઉઠાવી ગયા હતા. તો બીજી તરફ પડોશીનાં બંગલાના દરવાજાની ફ્રેમ તોડીને અંદરથી બે મોબાઈલ ચોરી કરી ગયા હતા. અડાલજ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ અડાલજનાં પાર્શ્વનાથ હોમ્સમાં બંગલા નં. ૧૪ માં રહેતા પ્રકાશભાઈ મુકેશભાઈ પટેલ એક કંપનીમાં કન્સ્ટ્રકશનનું કામ કરે છે. મુળ મગોડીનાં વતની પ્રકાશભાઈ તેમનાં માતા-પિતા, કાકા-કાકી અને ભાઈ સહિતનાં પરિવારનાં સભ્યો સાથે આ બંગલામાં રહે છે. ગઈ કાલે તેમનું પરિવાર મગોડી ગયુ હતુ અને રાત્રે પ્રકાશભાઈ અને તેમના પત્નિ તથા તેમનો ભાઈ આ ઘરે હતા. પ્રકાશભાઈ અને તેમના પત્ની ઉપરનાં તેમના બેડરૂમમાં સુતા હતા અને તેમનો ભાઈ રવિ ઉપરનાં બીજા રુમમાં તેના સહપાઠી મિત્ર અંકિત સાથે વાંચન કરતો હતો. રાત્રે બે વાગ્યાનાં અરસામાં અંકિત વાંચન પતાવીને તેના ઘરે જવા નિકળી ગયો હતો અને રવિએ બે વાગ્યે નીચે ઉતરીને દરવાજો અંદરથીબંધ કર્યો હતો ત્યારબાદ તેના ઉપરનાં રૂમમાં સુવા જતો રહ્યો હતો. સવારે સાતેક વાગ્યે પ્રકાશભાઈ ઉઠ્યા અને નીચે ઉતર્યા તો મુખ્ય દરવાજો ખુલ્લો હતો અને સામાન વેર-વિખેર પડેલો હતો. રાતનાં બે થી સાત વાગ્યાનાં સમયગાળા દરમ્યાન તસ્કરો ત્રાટક્યા હતા અને તેમના બંગલાનાં મુખ્ય દરવાજાની લાકડાની ફ્રેમ તોડી અંદર ઘુસી તિજોરી ફંફોસીને અંદરથી દોનાનાં રૂ.૧,૫૭,૫૦૦ ની કિંમતનાં દાગીના તથા રોકડ રૂ.૧૩ હજાર મળી કુલ રૂ. ૧,૭૦,૫૦૦ની મત્તા ઉઠાવી ગયા હતા. કલાક બાદ ખબર પડી કે પાર્શ્વનાથ હોમ્સમાં જ પડોશમાં રહેતા રૂપલબેનને ત્યા પણ ચોરોએ હાથફેરો કર્યો છે. તેમનાં બંગલાનાં મુખ્ય દરવાજાની લાકડાની ફ્રેમ તોડી અંદર ઘુસી બે મોબાઈલ ચોરી કરી ચોરો ભાગી ગયા હતા. પ્રકાશભાઈની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત તથા ડોગ સ્કવોર્ડ બોલાવી પી.આઈ કે.કે. પંડયાએ ઉંડી તપાસ આરંભી છે.



**એસ.જી. પ્રાથમિક શાળાના ધો-પના વિદ્યાર્થીઓએ ગૌશાળાની મુલાકાત લીધી :** તાજેતરમાં ગાંધીનગરની એસ.જી. પ્રાથમિક શાળાના ધો-પના બાળકોએ રાંધેજા ગામે આવેલ ગૌશાળાની મુલાકાત લીધી હતી. ધો-પના એ, બી, સી, ડી, ઈ એમ બધા જ વર્ગના કુલ ૩૬૦ બાળકોએ રાંધેજા ચોકડી પાસે આવેલી કેશવ ગૌશાળાની મુલાકાત લીધી હતી. ત્યાં બાળકોએ ગાયની જીવનશૈલી વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત ત્યાં આવેલ યજ્ઞ શાળાની મુલાકાત લીધી હતી તેમજ ત્યાં આવેલા આયુર્વેદ કેન્દ્રની મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક દશ્યો નિહાળ્યા હતા.

# વિદ્યાર્થીઓની ક્ષમતા બહાર લાવવા પ્રેમથી કામ લેવું પડે

**માત્ર પુસ્તકીયા જ્ઞાનથી જ નહી પરંતુ પોતાના જીવનની સિધ્ધિઓથી વિદ્યાર્થીઓના પથદર્શક બનતા ડો. સોનલ મહેતા માને છે કે 'વિદ્યાર્થીઓ તો શીખવા તૈયાર જ હોય છે, શિક્ષકે તેમના મનને સમજવું જરુરી છે'**



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

ગાંધીનગર, તા.૩


'વિદ્યાર્થીઓની કુદરતી ક્ષમતાને વિકસવાની પુરતી તક આપવા સાથે શિક્ષણ આપવું જરૂરી છે. જો વિદ્યાર્થીની શકિતને યોગ્ય માર્ગ આપવામાં આવે તો પ્રતિભા તો તેમનામાં પહેલેથી હોય છે તે બહાર આવી શકે છે, આ માટે તેમની સાથે પ્રેમથી કામ લેવું પડે.' આ શબ્દો છે એક એવા શિક્ષકના જેઓ વિદ્યાર્થીઓ માટે માત્ર પુસ્તકીયા જ્ઞાન પીરસનારા માસ્તર નહીં પરંતુ નવી પેઢી માટે પ્રેરણારૂપ બની શકે તેવા વાસ્તવિક સંઘર્ષ સાથે સફળતાની કેડી કંડારનારા પથદર્શક છે. ગાંધીનગરના દિકરી એવા ડૉ. સોનલ મહેતાને આ વર્ષે એટલે કે ૨૦૧૭માં ફિક્કી દ્વારા અત્યંત પ્રતિષ્ઠિત એવોર્ડ 'વુમન ઓફ એકસેલન્સ' એવોર્ડ શિક્ષણ ક્ષેત્રે તેમના યોગદાનને કારણે આપવામાં આવ્યો છે અને આ એવોર્ડ તેમને હિન્દી ફિલ્મ જગતના શૉ મેન સુભાષ ઘાઈના હસ્તે એનાયત કરાયો હતો.

ડૉ. સોનલ મહેતાના પિતાજી સરકારી અધિકારી હતા અને વર્ષ ૧૯૭૪માં તેમની સચિવાલયમાં એન્જિનીયર તરીકે ગાંધીનગર ખાતે બદલી થઈ ત્યારથી તે પરિવારે આ શહેરને પોતાનું બનાવી લીધું. આ સમયે સોનલબેને પહેલા ધોરણમાં પ્રવેશ મેળવ્યો હતો. અભ્યાસમાં અત્યંત તેજસ્વી એવા સોનલબેનનું પરિણામ હંમેશા અવ્વલ જ રહેતું. તેઓ જયારે ધોરણ-૯માં હતા ત્યારથી તેમને આંખોમાં દષ્ટિ ઝાંખી પડવાની સમસ્યા શરૂ થઈ હતી. પહેલા તો આ સમસ્યા પરિવારને સામાન્ય નંબરના ચશ્મા જેવી લાગી હતી પરંતુ જયારે તઓ ધોરણ-૧૦માં આવ્યા ત્યારે તેમની આંખોમાં રેટિના પિગ્મેન્ટોઝા નામનો અસાધ્ય રોગ થયો હોવાનું નિદાન થયું હતું. તેમની બોર્ડની પરીક્ષાના માત્ર ત્રણેક માસ બાકી હતા ત્યારે તેમની આંખોની દષ્ટિ તેમણે સંપૂર્ણપણે ગુમાવી દીધી હતી. આમ છતાં તેમનો અભ્યાસ પ્રત્યે લગાવ તેમના મનને જરા પણ ડગાવી શકયો નહી અને આટલા ટૂંકા ગાળામાં તેમણે પરીક્ષાની તૈયારી કરી. પ્રથમવાર જ રાઈટર સાથે બોર્ડની પરીક્ષા આપી અને તેનું પરિણામ આવ્યું જે ઈતિહાસ બની ગયું. તે સમયે બોર્ડના પરિણામમાં રેન્કિંગ આપવાની પ્રથા હતી જે હજુ હમણાં જ દૂર થઈ છે. સોનલબેને સમગ્ર રાજયમાં બોર્ડમાં ૮૨ ટકા સાથે નવમો ક્રમાંક હાંસલ કર્યો હતો અને બોર્ડના પ્રથમ દસમાં સામેલ થવાની સિધ્ધિ પ્રાપ્ત કરનારા તેઓ તે વખતે એક માત્ર દિવ્યાંગ વિદ્યાર્થી હતી એટલું જ નહીં પરંતુ હજુ સુધી લગભગ અન્ય કોઈ દિવ્યાંગ વિદ્યાર્થી આ સિધ્ધિ પ્રાપ્ત કરી શકયા નથી. તેમની આ સિધ્ધિ બદલ તત્કાલિન રાજયપાલના હસ્તે એક ખાસ કાર્યક્રમ યોજીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પછી તેમણે ધો-૧૨ના બોર્ડના પરિણામમાં પણ રેન્કિંગ પ્રાપ્ત કર્યુ હતું.

દષ્ટિહીનતા હવે તેમના માટે કાયમી સ્થિતિ બની ગઈ હતી. પરંતુ તેમની પ્રતિભા સામે કદાચ એ પણ ઝંખવાયા કરતી હશે. સોનલબેનના પરિવારમાં એક ભાઈ અને ચાર બહેનો હતા. જેઓ વારાફરથી તેમના રીડર બની મદદરૂપ થતા અને મોટા ભાઈના લગ્ન થઈ જતા તેમના પત્નિ પણ આ સેવા આપવા લાગ્યા હતા. સોનલબેને ત્યારબાદ ગાંધીનગરની સરકારી આર્ટસ કોલેજમાંથી અંગ્રેજી સાહિત્ય સાથે ગ્રેજયુએશન અને પોસ્ટ ગ્રેજયુએશન કર્યુ અને બંનેમાં તેમણે સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં ૩જો રેન્ક પ્રાપ્ત કર્યો હતો. આ પછી તેમણે જીપીએસસીની સ્પર્ધાત્મક પરીક્ષા દિવ્યાંગ હોવા છતાં ઓપન કેટેગરીમાંથી આપી અને સમગ્ર રાજયમાં મેરિટમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. આ પરીક્ષાનું પરિણામ આવે ત્યાં સુધીમાં તો તેમણે બે થી ત્રણ ખાનગી કોલેજોમાં પાર્ટ ટાઈમ અધ્યાપક તરીકેની જોબ પણ કરી લીધી હતી. જો કે જીપીએસસીના પરિણામ પછી તેમનું અમદાવાદની ગર્લ્સ પોલિટેકનીકમાં અધ્યાપક તરીકે પોસ્ટીંગ થયું અને છેલ્લા ૨૬ વર્ષથી તેઓ અહીં વિદ્યાર્થીનીઓને અંગ્રેજી સાહિત્ય ભણાવા સાથે જીવનના મૂલ્યોનું પણ સિંચન કરી રહ્યા છે.







તેમના કોલેજ અભ્યાસ દરમિયાન તેમના રીડર જે વાંચન કરે તેનું તેઓ કેસેટમાં રેકોર્ડીંગ કરી લેતા જેથી રિવિઝન માટે ફરી રીડરને વાંચવું ના પડે. છેલ્લા વર્ષમાં તેમને અંગ્રેજી સાહિત્ય માટે તેના અભ્યાસુ હોય તેવા રીડરની જરૂર પડી હતી ત્યારે તેમની મુલાકાત ગુજરાત સરકારના ગૃહ વિભાગના નિવૃત્ત સેક્રેટરી આર.બી. સુડીવાલા સાથે થઈ અને પછી તેઓએ ૧૭ વર્ષ સુધી તેમના માટે આ સેવા આપી એટલું જ નહીં સોનલબેન માટે તેઓ સાચા અર્થમાં માર્ગદર્શક બનીને રહ્યાં. વર્ષ ૨૦૦૯માં અમદાવાદની એસબીઆઈ બેંકમાં કાર્યરત યુશિર શાહ સાથે સોનલબેનની મુલાકાત થઈ જેમની પણ દષ્ટિ અત્યંત નબળી હતી. માત્ર પાંચેક મહિનાના પરિચય બાદ બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. સાચો શિક્ષક એજ છે જે પોતે શીખતો રહે. ગર્લ્સ પોલિટેકનિક કોલેજમાં અધ્યાપન સાથે તેમણે એમ.ફિલ. અને પીએચડી પણ કર્યુ. પીએચડી માટે તેમને ગાંધીનગરના ડૉ. એમ.એ. સૈયદે ગાઈડની સેવા આપી હતી. લગ્ન પછી તેઓ અમદાવાદ સ્થાયી થયા અને તેમનું સમગ્ર ધ્યાન અધ્યાપન પર કેન્દ્રિત કર્યુ. આ સાથે તેમના અનેક સંશોધન પત્રો અને આલેખનો અખબારોમાં પ્રકાશિત થતા રહ્યા અને તેમને નાના-મોટા વિવિધ સન્માન-એવોર્ડસ પણ પ્રાપ્ત થતા રહ્યા હતા. વર્ષ ૨૦૧૩માં તેઓ શિક્ષણ કેટેગરીમાં ફેમિના વુમન ઓફ ધ યર માટે નોમિનેટ થયા હતા તો રોટરી કલબ, લાયન્સ કલબ સહિત વિવિધ સંસ્થાઓએ પણ તેમનું સન્માન કર્યુ હતું.

શિક્ષણ ક્ષેત્રે તેમના યોગદાન બદલ ભારતની પ્રતિષ્ઠિત સંસ્થા 'ફિક્કી' દ્વારા વુમન ઓફ એકસેલન્સ તરીકે સન્માનવામાં આવ્યા છે. ડૉ. સોનલ મહેતા આ સાથે અધ્યાપન ક્ષેત્રે એક એવી દિવાદાંડી બની ચુકયાં છે જેઓને પોતાની સ્થૂળ દષ્ટિ ઉપલબ્ધ નથી પરંતુ અનેક વિદ્યાર્થીનીઓના જીવનમાં તેઓ પ્રકાશ પાથરવાનું કામ કરી રહ્યા છે. તેમનું માનવું છે કે 'શિક્ષક શું અને કેટલું ભણાવે છે તે જ નહી પરંતુ સાથે સાથે વિદ્યાર્થીઓમાં મૂલ્યો અને સંસ્કારનું કેટલું સિંચન કરે છે તે અગત્યનું છે. તેઓ કબૂલે છે કે આજના હરિફાઈના યુગમાં શિક્ષણનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે, તે યોગ્ય નથી. તેમના મતે શિક્ષણ હળવું હોવું જોઈએ.' પોતાના અભ્યાસમાં પ્રજ્ઞાચક્ષુ માટેની બ્રેઈલ લીપીનો ઓછો ઉપયોગ કરનારા સોનલબેન આજે અત્યાધુનિક ટેકનોલોજી સાથે મોબાઈલ અને કોમ્પ્યુટર પણ ઓપરેટ કરે છે. તે સ્પષ્ટપણે માને છે કે 'વિદ્યાર્થીઓ તો શિખવા માટે તૈયાર જ હોય છે પરંતુ તેમના સ્વભાવને સમજી શકે તે મુજબના શિક્ષક તેમને મળવા જોઈએ.'

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

**આઈ લવ માય ગાંધીનગર**



**ચંપક વાઘેલા**
**ચિત્રકાર**

**ગાંધીનગર ગમે**
મજાનું નગર હોવાથી અને અહીં મજાનાં લોકો રહેતાં હોવાથી ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
જિંદગીથી ભરેલાં ને સંવેદનશીલ નગરજનો ગાંધીના નામના આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કિપ સ્માઈલિંગ ગૃપ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ-અક્ષરધામ, જી ઈ કલબ, આત્મન ફાઉન્ડેશન જેવી સંસ્થાઓની પ્રવૃત્તિઓથી વાકેફ છું અને પ્રભાવિત પણ છું.

**નગરને બહેતર બનાવવા**
નાગરિકો અને ખાસ કરીને યુવા વર્ગમાં નગર પ્રત્યે સંવેદના પ્રગટે તે બાબત જરૂરી જણાય છે.

**નગર માટે હું કરી શકું**
કલા સંવર્ધન અને વિકાસનાં કાર્યો માટે મારી સઘળા પ્રકારની સહાય પૂરી પાડવા હું તૈયાર છું.

**@ગાંધીનગર**

● શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ખાતે મળશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સી દ્વારા આનંદનો ગરબો હર્ષિદાબેન દ્વારા શકિત ચોક મંદિરમાં સે-૩-સી ખાતે બપોરે ૨થી ૫ કલાક દરમિયાન યોજાશે.

**વાતવાતમાં**

● અડાલજ ખાતેના એક ફાર્મ પર રાજયભરના પંચાયતી તલાટીઓનું સ્નેહમિલન યોજાયુંહતું. જેમાં સરકાર દ્વારા મહેસુલી અને પંચાયતી તલાટીઓને એકીકરણ કરવાના લેવાયેલા નિર્ણયને પગલે પ્રમોશન સહિતના મુદ્દે વિરોધ કરવા બાબતે ચર્ચા હાથ ધરાઈ હતી. જો કે ચર્ચાના અંતે સરકારના નિર્ણયનું નોટિફિકેશન બહાર પડે ત્યાં સુધી રાહ જોઈ તેના આધારે આગની રણનીતિ નક્કી કરવી તેવો નિર્ણય લેવાતા અંતે તમામ તલાટીઓ સ્નેહભોજન લઈ છુટા પડયા હતા.

● અડાલજ નજીકના ત્રિ-મંદિર ખાતે રાજેશભાઈ પાઠક નામના ૪૫ વર્ષીય આધેડ તેમના રૂમમાં સ્ટવ પર રસોઈ બનાવી રહ્યા હતા ત્યારે ભડકો થતા ગંભીર રીતે દાઝી જવા પામ્યા હતા. તેઓ એટલી હદે દાઝી જવા પામ્યા હતા કે તેમને સારવાર અર્થે લઈ જવાય તે પહેલા જ તેમનું કરૂણ મોત નીપજવા પામ્યું હતું.

## ભાદરવી પૂનમે તુલસી-અરડૂસીના છોડનું વિતરણ

ગાંધીનગર, તા.૩

આગામી તા. ૫મી સપ્ટેમ્બર મંગળવારે ભાદરવી પૂર્ણિમાનો પવિત્ર દિવસ છે. આ દિવસે જગતજનની મા જગદંબાનો વૈશ્વિક ઓળખ ધરાવતો મેળો અંબાજી ખાતે ભરાય છે. આ પવિત્ર દિવસે ગાંધીનગરના સર્જન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા 'દિકરી તુલસીનો કયારો' અને 'બેટી બચાવો-બેટી વધાવો' અંતર્ગત આયુર્વેદિક રીતે અત્યંત ઉપયોગી એવા તુલસી તથા અરડૂસીના છોડનું નિઃશુલ્ક વિતરણ સે-૧૨ શોપીંગ સેન્ટર ખાતે સવારે ૯.૩૦ થી ૧૧ કલાક દરમિયાન કરવામાં આવશે. જેનો મહત્તમ લાભ લેવા વસાહતીઓને સંસ્થાના સભ્ય વિનોદ મેણાત દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## આસિઆ દ્વારા ઈજનેરી તથા આર્કિટેકટના વિદ્યાર્થીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા.૩

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકટ, ગાંધીનગર દ્વારા સ્નાતક ઈજનેરો અને સ્નાતક આર્કિટેકટનું સન્માન કરવામાં આવનાર છે, જેથી ગાંધીનગર શહેર અને તેમાં સમાવેશ કરવામાં (ગુડામાં) આવેલા ગામોમાં વસવાટ કરતા જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૭ના માર્ચ/એપ્રિલ માસમાં લેવાયેલી ફાઈલ ઈજનેરી તથા આર્કિટેકટની કોઈ પણ ફેકલ્ટીમાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ કરી હોય તેમણે પોતાના ગુણ પત્રક-નામ, સરનામું, ટે.નંબર, તેમજ પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ સહિત સંસ્થાના મંત્રી હસમુખ બી. શાહ ૪૬૫-એ-૧, ગોકુલ સોસાયટી, સેકટર-૮ (મો. ૯૮૭૯૯ ૫૫૦૫૬)ને તા. ૩૦મી સપ્ટેમ્બર પહેલા મોકલી આપવા જણાવાયું છે.

**ચિરવિદાય**

● સ્વ. ભીખુભાઈ રતિલાલ જયસ્વાલ, ઉ.વ. ૬૬